# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-11-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- ફિજીના નાયબ પ્રધાનમંત્રીએ રાજ્યના ડેરી અને કૃષિ ક્ષેત્રે થયેલા વિકાસનો લાભ ફિજીને પણ મળે તે માટે પરસ્પર સહયોગની તત્પરતા વ્યક્ત કરી.
- રાજ્ય સરકારે શિક્ષકોને મળેલ છૂટનો દુરુપયોગ કરી કાયદાની છટકબારી કરનાર શિક્ષકો સામે કડક કાર્યવાહી હાથ ધરી.
- પાકિસ્તાનની જેલમાં ગુજરાતના આશરે 139 સહિત કુલ 211 ભારતીય માછીમારો હોવાનું વિદેશ રાજ્યમંત્રીએ રાજ્યસભામાં જણાવ્યું..
- અમદાવાદમાંથી ઓસ્ટ્રેલિયાની નકલી ચલણી નોટ છાપવાની ફેક્ટરી ઝડપાઇ છે.
- સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આગામી ૩૦ નવેમ્બરથી ૮મી ડિસેમ્બર દરમિયાન ‘અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ’ યોજાશે.
- અમદાવાદ પોલીસમાં ફરજ બજાવતા પ્રિયંકા પરમારે કોલંબિયા ખાતે યોજાયેલ બેડમિન્ટન રમતમાં સુવર્ણ ચંદ્રક મેળવ્યો..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CM MEETS FIJI MINISTER

ફિજીના નાયબ પ્રધાનમંત્રીની ગુજરાત મુલાકાતથી ભારત-ગુજરાત ફિજી વચ્ચે અસરકારક અને પરિણામદાયી સહભાગીતાનો સુદ્રઢ સંબંધ પ્રસ્થાપિત થશે, તેવી આશા મુખ્યમંત્રીએ વ્યક્ત કરી.

ફિજીના નાયબ પ્રધાનમંત્રી મનોઆ કામિકામિકાએ ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રી સાથેની આ મુલાકાતમાં ફિજીના નાયબ પ્રધાનમંત્રીએ ગુજરાતે ડેરી ઉદ્યોગ સહિત કૃષિ ક્ષેત્રે જે વિકાસ કર્યો છે, તેનો લાભ ફિજીને પણ મળે તે માટે પરસ્પર સહયોગની તત્પરતા વ્યક્ત કરી હતી.

તેમણે કૃત્રિમ બુધ્ધિમત્તા અને ઇન્ફોર્મેશન અને કોમ્યુનિકેશન ટેક્નોલોજી તથા સાઇબર સિક્યુરિટી ક્ષેત્રમાં પણ ગુજરાત ફિજીને સહયોગ કરી શકે તેવી સંભાવનાઓ અંગે ચર્ચા કરી હતી.

ફિજીમાં શેરડીનું મોટાપાયે ઉત્પાદન થાય છે, જેથી ઇથેનોલ બનાવવા ગુજરાત સહયોગ કરી શકે તેમ હોવાનું ફિજીના નાયબ પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું. મુખ્યમંત્રી સાથેની મુલાકાત બાદ ફિજીના નાયબ પ્રધાનમંત્રી ગિફ્ટસિટી અને અમુલ- આણંદની મુલાકાતે પણ જવાના છે.

## PRAFUL PANSERIYA PRINCIPAL SUSPEND

સુરત મહાનગરપાલિકાની અમરોલીની શાળાના આચાર્ય સંજય પટેલને ફરજ દરમિયાન જાણ કર્યા વગર ૩૩ વખત દુબઇ પ્રવાસે જતાં

તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. અન્ય બે શિક્ષકોને પણ તાત્કાલિક સસ્પેન્ડ કરવાની સૂચના આપવામાં આવી છે.

રાજ્ય સરકારે આચાર્ય સંજય પટેલ વિરુદ્ધ લીધેલા ત્વરિત પગલા સંદર્ભે શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, શિક્ષકોને મળેલ છૂટનો દુરુપયોગ કરી કાયદાની છટકબારી કરનાર આ શિક્ષકો સામે કડક કાર્યવાહી કરવા શિક્ષણ વિભાગ પ્રતિબદ્ધ છે.

મંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, રાજ્ય સરકારે ભૂતિયા શિક્ષકો મુદ્દે ખૂબ જ કડક વલણ અપનાવ્યું છે. જે પણ શિક્ષકો પોતાની ફરજ પર હાજર ન રહેતા હોય અને વિદેશગમન કરતા હોય તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી રહી છે. ચાલુ વર્ષે દરમિયાન આવા ૬૦ જેટલા શિક્ષકોને બરતરફ કરવામાં આવ્યા છે.

## (બાઇટ- પ્રફુલ્લ પાનસેરિયા)

# RS---PAK-INDIAN-FISHERMEN

પાકિસ્તાને ગત જુલાઇ મહિનામાં આપેલી યાદી મુજબ પાકિસ્તાનની જેલમાં ગુજરાતના આશરે 139 સહિત કુલ 211 ભારતીય માછીમારો છે. વિદેશરાજયમંત્રી કિર્તીવર્ધનસિંહે આજે રાજયસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, ભારતીય તટરક્ષકદળના જહાજ અને વિમાનો આંતરરાષ્ટ્રીય જળસરહદ નજીકના જળવિસ્તારમાં ચાંપતી નજર રાખીને ભારતીય માછીમારોને જરૂરી માર્ગદર્શન આપે છે. વિદેશ રાજ્ મંત્રીએ

વધુમાં જણાવ્યું કે, ભારતે આ અંગેની વિગતો સમયાંતરે અને નિયમિત રીતે આપવા પાકિસ્તાની સત્તાવાળાઓને નિર્દેશ આપ્યો છે.

# DHARTI AABA RATH

રાજ્યમાં ગત 15મી નવેમ્બરથી આદિજાતિ વસ્તી વાળા જિલ્લાઓમાં ભ્રમણ કરી રહેલા 'ધરતી આબા રથ'ને અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે.

આદિવાસીઓના ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ વારસાને લોકો સમક્ષ મુકવાના હેતુથી  શરૂ થયેલા 'ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન'ના ભાગરૂપે આ રથનું ભ્રમણ હાથ ધરાયું છે. આ રથ ઉપર ભગવાન બિરસા મુંડાની મૂર્તિ, યોજનાકીય માહિતી આપતા પોસ્ટર્સ, ટેબલો જેવા મુખ્ય આકર્ષણના કેન્દ્ર છે. આગામી ૧૨ ડિસેમ્બર સુધી રાજ્યના આદિવાસી વસતી વાળા ૫૪ તાલુકાઓમાં રથ ભ્રમણ કરશે.

# A’VAD SOG

અમદાવાદમાંથી ઓસ્ટ્રેલિયાની નકલી ચલણી નોટ છાપવાની ફેક્ટરી ઝડપાઇ છે. અમદાવાદ શહેરના વટવા GIDCમાં આવેલી ફેક્ટરીમાં નકલી ઓસ્ટ્રેલિયન ડોલર છાપવામાં આવતા હતા. આરોપીઓ છાપેલી નોટોને બજારમાં વટાવવાની ફિરાકમાં હતા.

આ પહેલા જ ફેક્ટરી પર અમદાવાદ સિટી પોલીસના SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ)ની ટીમે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો છે. SOGની ટીમે ચાર આરોપીઓની

ધરપકડ કરી છે. આ સાથે ફેક્ટરીમાંથી નકલી ચલણી નોટ, અત્યાધુનિક પ્રિન્ટિંગ મશીન અને 11.92 લાખની કિંમતનો કાચો મુદ્દામાલ પણ જપ્ત કરવામાં આવ્યો છે. SOGની ટીમ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# MAHUVA- DARODA

ભાવનગર જીલ્લા પોલીસના જવાનોએ મહુવાના ભવાનીનગર ખાતેના ચામુંડા ડાયવર્કસમાં કરેલી દરોડાની કાર્યવાહીમાં એમ્બરગ્રીસ એટલે કે વ્હેલ માછલીની ઉલટીનો બાર કિલોથી વધુ જથ્થો જપ્ત કર્યો છે. જેની કિંમત 12 કરોડ રૂપિયાથી વધુ આંકવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, પોલીસે વન્યજીવ સંરક્ષણ ધારો 1972 હેઠળ બે આરોપીઓની ધરપકડ કરીને તેમની સામે કાયદેસર કાર્યવાહી શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે, એમ્બરગ્રીસનો ઉપયોગ અત્તર અને ચીની તબીબી પધ્ધિતીની દવા બનાવવા માટે કરવામાં આવે છે. ભારતમાં એમ્બરગ્રીસનું વેચાણ વન્યજીવ સંરક્ષણ ધારો- 1972 હેઠળ ગેરકાયદેસર જાહેર કરાયું છે.

# VALSAD- KANU DESAI

નાણાંમંત્રી કનુ દેસાઈએ વલસાડ ધારાસભ્ય ભરત પટેલ અને કલેક્ટર નૈમેષ દવેની ઉપસ્થિતિમાં ૨૧ કરોડ ૩૫ લાખના ખર્ચે નવ-નિર્માણ થનારા મોરારજી દેસાઈ વેજીટેબલ માર્કેટ બિલ્ડિંગનું ખાતમુહૂર્ત કર્યું હતું. મંત્રીશ્રીએ વલસાડ શહેરના કુલ ૧૫ કાર્યોનું ઈ-ખાતમુહૂર્ત કરી કુલ બાવન  કરોડ ૫ લાખના વિકાસ કાર્યોની ભેટ આપી હતી. મંત્રીશ્રીએ

વલસાડ નગરપાલિકા વિસ્તારમાં ૨૭.૮૦ કરોડની ભૂગર્ભ ગટર યોજના, ૬.૬૦ કરોડના ખર્ચે જિલ્લા કક્ષાનું ફાયર સ્ટેશન, ૭૬.૯૦ લાખના પેવર બ્લોક બેસાડવાની કામગીરી, ૧.૬૬ કરોડની વરસાદી બોક્સ ગટર સહિત ૨૯.૮૮ લાખના અન્ય વિકાસકાર્યોનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું.

# A’VAD IN. NATIONAL BOOK FAIR

નેશનલ બૂક ટ્રસ્ટ અને અમદાવાદ મહાનગર પાલિકાના સંયુક્ત ઉપક્રમે આગામી ૩૦ નવેમ્બરથી ૮મી ડિસેમ્બર દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ‘અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ’ યોજાશે.

અમદાવાદમા પત્રકાર પરિષદને સંબોધતા મેયર પ્રતિભા જૈને જણાવ્યું કે, આ વર્ષે પહેલી વાર અમદાવાદ નેશનલ બુક ફેર આ વર્ષે એન બી ટી ના સહયોગથી આંતરરાષ્ટ્રીય કક્ષાનો અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ તરીકે યોજાશે.

આ મહોત્સવમાં એક હજારથી વધુ પ્રકાશકો ઉપરાંત ખ્યાતનામ લેખકો પણ ભાગ લેશે. પુસ્તક પ્રદર્શનની સાથે મહોત્સવમાં લેખક મંચ, પ્રજ્ઞાશિબિર, જ્ઞાનગંગા, રંગમંચ, બાળકો માટે ફિલ્મ ફેસ્ટિવલ તેમજ અભિકલ્પ સહિતનાં વિવિધ આકર્ષણો પણ છે. મહોત્સવમાં સ્પેન, શ્રીલંકા, પોલેન્ડ, ડેન્માર્ક, સ્કોટલેન્ડ, સિંગાપોર, યુ.એ.ઈ. જેવા દેશોના લેખકો તથા પ્રખ્યાત ગુજરાતી લેખકો વાચકો સાથે સીધો સંવાદ કરશે.

**(બાઇટ- પ્રતિભા જૈન-મેયર)**

# WEATHER

હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે, રાજ્યમાં આગામી દિવસોમાં શુષ્ક હવામાન રહેશે. આગામી બે દિવસ તાપમાનમાં અંશિક વધારો થતા ઠંડીમાં ઘટાડો થવાની શક્યતા છે. જો કે ત્યારબાદ બે દિવસ તાપમાનમાં એક થી બે ડિગ્રીનો ઘટાડો નોંધાશે. અમદાવાદમાં લઘુતમ તાપમાન 17 ડિગ્રી આસપાસ અને ગાંધીનગરમાં 16 ડિગ્રી આસપાસ તાપમાન રહેવાની શક્યતા છે. અમદાવાદમાં છેલ્લા 24 કલાકમાં 16.5 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. જ્યારે ગાંધીનગરમાં 15.7 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. રાજ્યમાં સૌથી ઓછું 14 ડિગ્રી તાપમાન અમરેલી અને વડોદરામાં નોંધાયું હતું. વધુ માહિતી આપે છે અમદાવાદ હવામાન ખાતાના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ..

**(બાઇટ- રામાશ્રય યાદવ)**

# POLICE MAHILA BADMINTION PLAYER

અમદાવાદ પોલીસમાં ફરજ બજાવતા પ્રિયંકા પરમારે કોલંબિયા ખાતે યોજાયેલ બેટમિન્ટન રમતમાં સુવર્ણ ચંદ્રક મેળવી ગુજરાત પોલીસનું ગૌરવ વધાર્યું છે. 11મી લેટિન અમેરિકન પોલીસ અને ફાયર ગેમ્સ કેલી કોલમ્બિયા ખાતે 17 થી 23 નવેમ્બર 2024 દરમિયાન યોજાઈ હતી. જેમાં ગુજરાતમાંથી મહિલા હેડ કોન્સ્ટેબલ પ્રિયંકા પરમારે બેડમિંટન રમત માટે ભારત દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

જેમણે બેડમિંટન મહિલા સિંગલમાં સુવર્ણ અને બેડમિંટન મિક્ષ ડબલ્સમાં સુવર્ણ એમ બે સુવર્ણ ચંદ્રકો જીતનાર પ્રથમ મહિલા બન્યા છે.

આ ઇન્ટરનેશનલ સ્પર્ધામાં અલગ અલગ 14 જેટલા દેશો અને 3 હજારથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો .